# માલપુરના યુવાનની ઉદાહરણરૂપ પ્રામાણિકતા

મોડાસા, તા. ૧૫

આજના યુગ માં પૈસા માટે હર કોઈ વ્યક્તિ આંધળી દોટ મુકતા હોય છે. શુ કરવાથી રૂપિયા મળે તે માટે યથાગ પ્રયત્નો કરતા હોય છે અને જો વગર મહેનતે રૂપિયા હાથ લાગે તો ? વાત છે માલપુરના



યુવાનની. ઓટોમોબાઈલ એન્જીનિયરીંગનો અભ્યાસ કરેલ યુવાન નમનકુમાર શૈલેષભાઈ પંડયા પોતાનું એકટીવા પર નાનાવાડાથી માલપુર તરફ આવી રહ્યા હતા ત્યારે રસ્તામાં આવતા સ્પીડબ્રેકર પાસે એક પાકિટ પડેલું જોયું. નમન પંડયાએ તરત જ રસ્તા વચ્ચે પડેલ પાકિટ લીધું તો તેમાં રોકડા તેર હજાર એટીએમ કાર્ડ આધારકાર્ડ તેમજ બીજા અન્ય ડોક્યુમેન્ટ્સ હતા. પોકેટમાં રહેલા આધાર કાર્ડમાં રહેલા સરનામાં આધારે મેઘરજના સઝાદ ખભરાટ નામના યુવકનું પાકિટ નીકળ્યું તે આધારે મેઘરજના યુવકનો સંપર્ક કર્યો અને પાકિટ અને ડોક્યુમેન્ટની પૂરતી સાબિતી મેળવી તેર હજાર અને ઓરીજીનલ ડોક્યુમેન્ટ સહિતનું પાકિટ માલપુરના નમન પંડયાએ મૂળ માલિકને પરત કરી અત્યારના યુગમાં એક પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું અને મેઘરજના સઝાદ ખભરાટના પરિવારજનોએ પણ નમન પંડયાની પ્રામાણિકતાને બિરદાવી હતી.

# ડીસા નગરપાલિકાની કમિટીઓના ચેરમેનોએ ચાર્જ સાંભળ્યો

ડીસા, તા. ૧૫

ભાજપ શાસિત ડીસા નગરપાલિકામાં તાજેતરમાં જ નવી કમિટીઓની રચના થયા બાદ વિવિધ કમિટીઓના ચેરમેનોએ આજે વિધિવત રીતે તેમના ચાર્જ સાંભળ્યા હતા. ભાજપ શાસિત ડીસા નગરપાલિકાની તાજેતરમાં મળેલી સામાન્ય સભામાં વિવિધ કમિટીઓની ફાળવણી કરાયા બાદ આજે બુધવારે વિવિધ કમિટીઓના ચેરમેનોને વિધિવત રીતે ચાર્જ સોપાયો હતો. ડીસા નગરપાલિકામાં લાંબા સમયથી કમિટીઓની રચનાની પ્રક્રિયા વિલંબિત થઈ હતી. પરંતુ ભાજપ શાસિત પાલિકાની ચારેક દિવસ અગાઉ મળેલ સામાન્ય સભામાં વિવિધ કમિટીઓની રચના કરાઈ હતી. જોકે મહત્વની સમિતિઓ ન મળતા ત્રણ મહિલા સભ્યોએ



કમિટીઓ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. ત્યારબાદ આજે બુધવારે ગુજરાત વેરહાઉસીંગ કોર્પોરેશનના ચેરમેન મગનલાલ માળી અને ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યાની ઉપસ્થિતિમાં દરેક કમિટીઓના નવા ચેરમેનોને વિધિવત રીતે ચાર્જ સોંપવાની કાર્યવાહી હાથ ધરાઈ હતી. આ પ્રસંગે ભાજપના આગેવાનો તેમજ નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નવા ચેરમેનોને સફળતા માટે શુભકામનાઓ પાઠવી હતી.

# કાંકણોલ નજીક ગાડી પલ્ટી ખાઈ જતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના કાંકણોલ નજીકથી ગુરૂવારે સાંજના સુમારે પસાર થઈ રહેલા એક ગાડીના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવીંગ કરી ગાડીને પલ્ટી ખવડાવી દેતા તેમાં બેઠેલા એક મુસાફરનુ ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ. તે અંગેની ફરીયાદ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પારસીંગભાઈ રાવજીભાઈ ડીંડોરે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગુરૂવારે સાંજના સુમારે કાંકણોલ નજીકથી પસાર થઈ રહેલ ગાડીના ચાલક ભાવેશભાઈ મુકુંદભાઈ વાઘેલાએ ગાડીને ગફલતભરી રીતે હંકારી પલ્ટી ખવડાવી દેતા તેમાં બેઠેલા ફતેપુરા તાલુકાનાટીંબા ફળીયા ભોજેલા ગામના પરસોત્તમભાઈ હિરાભાઈ પરમારને ગંભીર ઈજા થતા તેમને સારવાર માટે ૧૦૮ એમ્બ્યુલન્સમાં હિંમતનગર સિવિલમાં લવાયા હતા. જ્યા તેમનું મોત નિપજ્યુ હતુ. આ અકસ્માતમાં અન્ય બે જણાને પણ ઈજા થઈ હતી. ત્યારબાદ પારસીંગભાઈએ ભાવેશભાઈ વાઘેલા વિરૂદ્ધ હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# આંતર જિલ્લાઓમાં વાહનચોરી કરતી ગેંગના બે સાગરીતો પકડાયા

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા સહિત અન્ય જિલ્લાઓમાં વાહન ચોરીઓના બનેલા બનાવોને ધ્યાનમાં રાખી સાબરકાંઠા એલસીબી દ્વારા શંકાસ્પદ હીલચાલ કરતા ઈસમો પર નજર રખાઈ રહી છે. ત્યારે બાતમીને આધારે એલસીબીએ ખેરોજ પાસેથી વાહનચોર ટોળકીના બે સાગરીતોને ઝડપી લઈ તેમની પાસેથી રૂ. ૩.૪૦ લાખના ૧૧ બાઈક કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠાના ખેરોજ, કોટડા છાવણી, ઈડર સહીત અન્ય સ્થળે વાહનચોરીના વધેલા બનાવોથી પોલીસતંત્રની નિંદ હરામ થઈ ગઈ છે. ત્યારે એલસીબીને બુધવારે એવી બાતમી મળી હતી કે ખેરોજ ત્રણ રસ્તા નજીક બે શખ્સો શંકાસ્પદ હિલચાલવાળા ફરી રહ્યા છે જે આધારે પોલીસે મેવા માલીયા ગમાર ઝ(રહે. બીલવન) તથા મીઠીયા રામાભાઈ (રહે. નીચલાબુઝા, તા. કોટડા છાવણી)ને ઝડપી લીધા હતા અને તેમની પાસેથી નંબર પ્લેટ વગરનું બાઈક મળી આવ્યુ હતુ.

જેથી એલસીબીએ આ બંને જણાની કડક પુછપરછ કરતા તેઓ વાહનચોરીમાં સંડોવાયેલા હોવાનુ કબુલ્યુ હતુ જેથી પોલીસે તેમને સાથે રાખી વિવિધ સ્થળે જઈ રૂ. ૩.૪૦ લાખના ૧૧ બાઈક કબજે લીધા હતા. ઉલ્લેખનીય છે કે આ બંને જણાએ અગાઉ ખેરોજ, જાદર, ઈડર, ડીસા, માઉન્ટઆબુ, હિંમતાનગર, વણજ, દેરોલ, પાટણ સહિત અન્ય સ્થળેથી તેમના સાગરીતોની મદદથી વાહનો ચોર્યા હતા જેથી પોલીસે આ બંનેને સાથે રાખી વાહનચોરીમાં સંડોવાયેલા સાગરીતોની શોધખોળ હાથ ધરી છે.

# આજથી જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ હડતાલ પર : આરોગ્ય સેવાઓ ખોરવાશે

હિંમતનગર, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગમાં ફરજ બજાવતા વર્ગ-૩ના કર્મચારીઓના છેલ્લા ઘણા સમયથી વણઉકલ્યા પ્રશ્નો સંદર્ભે અનેક રજુઆત કરવા છતા સરકાર દુર્લક્ષ સેવી રહી છે. જેથી કંટાળીને આ વર્ગ-૩ના ૭૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓ શુક્રવારથી અચોક્કસ મુદતની હડતાલ પર જશે. જેના લીધે આરોગ્ય સેવાઓ ખોરવાઈ જવાની શક્યતા છે.

આ અંગે આરોગ્ય કર્મચારી સંઘ વતી એક યાદીમાં જણાવાયું છે કે જિલ્લામાં કોઈપણ દુર્ઘટના કે ગમખ્વાર અકસ્માત થાય ત્યારે સરકારી હોસ્પિટલોમાં ફરજ બજાવતા આરોગ્ય કર્મચારીઓ સમય કે પરીવારની પરવા કર્યા વિના ફરજ બજાવે છે. પરંતુ તેમના છેલ્લા કેટલાક સમયથી વણઉકલ્યા પ્રશ્નો અંગે તબક્કાવાર સરકારમાં રજુઆતો કરાઈ હોવા છતાં તેમનું કોઈ સાંભળતુ નથી.

જેથી જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ થોડા સમય અગાઉ પેનડાઉન, દેખાવો સુત્રોચ્ચાર અને માસસીએલ મુકીને તેમના પડતર પ્રશ્નો અંગે રજુઆત કરી હતી. તેમ છતાં તેમના પ્રશ્નોનું નિરાકરણ આવ્યુ નથી. જેથી કંટાળીને સાબરકાંઠાના ૭૦૦થી વધુ આરોગ્ય કર્મચારીઓએ તા. ૧૬ ફેબ્રુઆરીને શનિવારથી અચોક્કસ મુદતથી હડતાલ પર જવાનો નિર્ધાર જાહેર કરી તે અંગે સરકારને પણ જાણ કરી દીધી છે.

શનિવારથી હડતાલ પર જનારા આરોગ્ય કર્મચારીઓની હડાલને લીધે જિલ્લામાં આવેલી સરકારી હોસ્પિટલ, સામુહિક અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર લેવા આવતા દર્દીઓને હાલાકી વેઠવી પડશે. તથા તાત્કાલિક સારવાર માટે જરૂરીયાતમંદોને ખાનગી હોસ્પિટલો અને નાના દવાખાનાઓનો આશરો લેવો પડે છે તેવી સ્થિતિ સર્જાશે. સાબરકાંઠા જિલ્લામાં અત્યારે બે ઋતુને કારણે લોકો તાવ, શરદી, ઉધરસ અને ઝાડાની બિમારીમાં સપડાઈ રહ્યા છે ત્યારે તે સમયે આરોગ્ય કર્મચારીઓની હડતાલને લીધે જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓને થનારી અસરો અંગે આરોગ્ય વિભાગના ઉચ્ચ અધિકારીઓએ વૈકલ્પિક વ્યવસ્થા કરવી ઘટે.



પુલવામાં મા થયેલ આંતકી હુમલામાં શાહિદ થયેલા ૪૨ વીર જવાનોને ખેડબ્રહ્મા ના બગીચામાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી જેમાં નાના મોટા સૌ લોકો ઊપસ્થિત રહી શ્રદ્ધાનાજલી આપવામાં આવી હતી.

# ગણવામાં રસ્તો બનાવવા બાબતે ઝઘડો થતા બેને ઈજા

હિંમતનગર, તા. ૧૫

પોશીના તાલુકાના ગણવા ગામે બુધવારે ખેતરમાંથી ગામમાં જવાનો રસ્તો બનતો હતો ત્યારે બે જણાએ ભેગા મળી આ રસ્તો મકાનથી દુર બનાવવા માટે કરેલી બબાલ બાદ બંને જણાએ ઉશ્કેરાઈ જી એક મહીલા તથા પુરૂષ પર પથ્થરોથી હુમલો કરી ઈજા પહોંચાડી હોવાની ફરીયાદ ગુરૂવારે પોશીના પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ગણવા ગામના પીપલસરી ફળીમાં રહેતા મોરાભાઈ શામળભાઈ ધ્રાંગીએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ બુધવારે તેમના ખેતર નજીક ગામમાં જવા આવવા માટે રસ્તો બનતો હતો.જેથી તેને મકાન બનાવવાનું હોઈ રસ્તો મકાનથી થોડો દુર બનાવવાનું કહેતા ગામના જ નટુભાઈ પનાભાઈ ધ્રાંગી અને છત્રાભાઈ વિઠ્ઠલભાઈ ધ્રાંગીએ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલવાનુ શરૂ કર્યુ હતુ અને જાનથી મારી નાખવાની ધમકી આપી સાનીયાબેનને પથ્થરોથી હુમલો કરી ઈજા પહોંચાડતા વચ્ચે પડેલા લાલુભાઈને પણ પથ્થરોથી હુમલો કરી માથાના ભાગે ઈજા પહોંચાડી હતી.

# અરવલ્લી જિલ્લામાં વેલેન્ટાઈન ડેની ઉલ્લાસપૂર્વક ઉજવણી

મોડાસા, તા. ૧૫

સમગ્ર વિશ્વમાં પ્રેમના તહેવાર તરીકે ઉજવાતા અને વિશ્વભરના યુવાધનમાં પ્રેમની



અભિવ્યક્તિ કરવા માટે મહત્વનો દિવસ ગણાતા ૧૪ ફેબ્રુઆરી વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં અરવલ્લી જીલ્લાના યુવાન-યુવતીઓમાં ભારે થનગનાટ સાથે દિવસભર એકબીજાને પ્રેમ અને અવનવી ભેટ સોગાદોની આપલે કરી પોતાના પ્રેમનો એકરાર કરી પશ્ચિમી સંસ્કૃતિના આ પ્રેમના પર્વની ઉજવણીમાં મશગુલ બન્યા હતા. મોડાસા શહેરમાં વેલેન્ટાઈન ડે ની અગાઉની રાત્રીએ અને વેલેન્ટાઈન ડે ના દિવસે ગુલાબના ફૂલ વેંચતા ફેરિયાઓ અને ગિફ્ટ આર્ટિકલની દુકાનો અને કેક-ચોકલેટ શોપ પર યુવા હૈયાઓ અને કપલ્સ ઉમટ્યા હતા વેલેન્ટાઈન ડેની ઉજવણીના રંગે આધેડ અને વૃધ્ધો પણ રંગાયા હતા.

મૂળ પશ્ચિમી સંસ્કૃતિના અને છેલ્લા કેટલાક વર્ષોથી ભારતમાં પ્રચલિત થયેલ વેલેન્ટાઈન ડે એટલે પ્રેમના પર્વની દેશમાં પણ સૌ કોઈ ઉમંગભેર ઉજવણી કરી રહ્યા છે. અરવલ્લી જીલ્લાના શહેરી વિસ્તારો સહીત ગ્રામ્ય વિસ્તારોના યુવાધન વેલેન્ટાઈન ડે ની ઉજવણીમાં મગ્ન બન્યા હતા. પ્રેમીઓએ વેલેન્ટાઈન ડે ઉજવવા લોન્ગડ્રાઈવ અને સિનેમાઘરો અને હોટેલમાં પહોંચ્યા હતા. વેલેન્ટાઈન ડેની ઉજવણીમાં પ્રેમી યુગલોએ એક બીજાને ગુલાબના ફૂલ, ટેડીબીયર, લવહાર્ટ શો પિસ, વોલપીસ અને લવબેન્ડ અને મોબાઈલ જેવી મોંઘી ગિફ્ટ આપી હતી. કોલેજમાં અભ્યાસ કરતા કેટલાક વિદ્યાર્થીઓએ વેલેન્ટાઈન ડે ના દિવસને વિશેષ બનાવવા અવનવા આયોજન કરી ઉજવણી કરી હતી. મોડાસા શહેરમાં વેલેન્ટાઈન ડે ના પગલે ગુલાબના ફૂલના ભાવમાં તડકો બોલાયો હતો. યુવા હૈયાઓ અને દંપતીએ ૩૦થી ૫૦ રૂપિયે ગુલાબ ખરીદી પ્રેમને રીઝવવા અને પ્રાપ્ત કરવા પશ્ચિમી આંધળી દોટ લગાવી હતી. વેલેન્ટાઈન ડે ના ઉજવણીમાં મેસેજ અને પોસ્ટ સોશ્યલ મીડિયામાં અબાલ, વૃદ્ધ સૌ કોઈએ આપ લે કરી પ્રેમના અભિવ્યકિતના તહેવારને પ્રોત્સાહન આપતા મેસેજે ધૂમ મચાવી હતી.

# બનાસ દાણમાં મૃત ઉંદર મળ્યાના સમાચાર સત્યથી વેગળા

પાલનપુર, તા. ૧૫

એશિયાની સૌથી મોટી ડેરી એવી બનાસ ડેરી તેના ઉત્પાદોમાં ગુણવત્તાની બાબતે સંપૂર્ણ કાળજી રાખે છે. અત્રે ઉલ્લેખનીય છે કે દાણ ઉત્પાદન અને દાણ પેકીંગની પદ્ધતિ તથા તેના ઉપરની દેખરેખ એવી સુઘડ અને વ્યવસ્થિત છે કે આ પ્રકારે કોઈ ઉંદર-જીવજંતુ દાણની બોરીની અંદર રહી જાય તેવી શક્યતા નહીવત્ત છે. દિનપ્રતિદિનની કામગીરીમાં ગુણવત્તાની બાબત વણી લેવામાં આવેલ છે ત્યારે આજે બનાસ દાણમાં મરેલા ઉંદર મળી આવ્યાની બાબત સ્થાનિક સમાચારપત્ર મારફતે ધ્યાને આવતાં તેની ગંભીર નોંધ ડેરીના ઉચ્ચ અધિકારીઓએ લઈને પ્રત્યેક બાબતની તલસ્પર્શી માહિતી લીધી હતી. ખૂબ જ ચીવટભરી તપાસને અંતે જાણવા મળ્યું હતું કે આ સમગ્ર બાબત બનાસ ડેરીની છાપ બગાડવા માટેનું એક ષડયંત્ર માત્ર હતું.

બાબતની વિગત એમ છે કે શંકરભાઈ ચેલાભાઈ તાતોસણીયા કે જે કુંભલમેર દૂધ મંડળીના સભાસદ છે અને તેઓએ ૨-૨-૨૦૧૯ના રોજ મંડળી ખાતેથી ૨ ગુણ દાણ ખરીદ્યું હતું, જેમાં કોઈ ક્ષતિ-દોષ ન હતો. આ દાણ તેઓએ તેમના ખેતરમાં ઉંદરનો ઉપદ્રવ હોય તેવા સ્થાને રાખેલ હતું અને આ ઉંદર જે-તે સ્થાને મૃત્યુ પામતાં તેમણે ઈરાદાપૂર્વકની ખોટી રજૂઆત કરીને મંડળી તથા ડેરીની છાપને ક્ષતિ પહોંચે તેવા નિવેદનો કરેલ. તપાસ થતા ગામના લોકો તથા ગામની દૂધ મંડળીનાં આગેવાનોની હાજરીમાં તેઓએ પોતાની ભૂલ લેખિતમાં સ્વીકારીને માફી માંગેલ છે. વધુમાં ડેરીનાં અધિકારીઓએ સભાસદે જયાં દાણ રાખેલ હતું તે સ્થળની મુલાકાત લેતા તે સ્થળ પર પણ ઉંદર દોડાદોડી કરતાં જોવા મળેલ હતા. સદર સભાસદે થયેલ ભૂલનું ભવિષ્યમાં પણ પુનરાવર્તન નહિ થાય તેવી બાંહેધરી પણ આપી હતી.

# રાયસીંગપુરામાં જમીન પચાવી પાડવાનો કારસો : ત્રણ વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર, તા. ૧૫

હિંમતનગર તાલુકાના રાયસીંગપુરા ગામે આવેલી વડીલોપાર્જીત જમીનમાંથી વધુ હિસ્સો લેવાના આશયથી ત્રણ જણાએ ભેગા મળી બે વર્ષ અગાઉ ખોટી નોટરી કરી તે જમીન તેમની ન હોવા છતાં વેચી દેતા હોવાનુ જાહેર થતા ત્રણેય જણા વિરૂદ્ધ બુધવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાઈ હતી.

આ અંગે રાયસીંગપુરાના કલ્યાણસિંહ હિરસિંહ ચૌહાણે નોંધાવેલી ફરીયાદમાં કરેલા આક્ષેપ મુજબ બે વર્ષ અગાઉ તેમને તથા ભીખાજી નારાજી ચૌહાણને વડીલોપાર્જીત જમીન મળી હતી. જેમાંથી ભીખાજી નારાજી ચૌહાણ, સિદ્ધરાજસિંહ ભવાનસિંહ મકવાણાએ આ જમીન પર દાનત બગાડીને બ્લોક/સર્વે નં. ૭૨, ૮૪ તથા ૧૨૧ની જમીનમાંથી વધુ હિસ્સો લેવાના આશયથી કલ્યાણસિંહના કુટુંબના માણસોની બે વર્ષ અગાઉ એટલે કે ગત તા. ૨૮-૨-૧૭ના રોજ ચૌહાણ પ્રતાપજી ડાહ્યાજી તથા નાથીબેન અમરાજી ચૌહાણના ખોટા અંગુઠા કરી દીધા હતા. ત્યારબાદ તા. ૨૭-૪-૨૦૧૮ના રોજ તેઓ નોટરીના કામ કરતા રફીક એ. ઢાપા પાસે જીને ખોટી નોટરી કરાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી લેન્ડ રેકોર્ડની કચેરીમાં રજુ કરી ભાગીદારીવાળઆ બ્લોક સર્વે નં. ૧૦૬ તથા ૭૨ ઉપરાંત બ્લોક સર્વે નં. ૮૪ અને ૧૨૧ની જમીનમાં તેમના નામ દાખલ કરાવી દીધા હતા એટલુ જ નહી પણ ભીખાજી ચૌહાણ તથા સિદ્ધરાજસિંહ મકવાણાએ બ્લોક સર્વે નં. ૭૨ તથા ૮૪વાળી જમીન વેચી દીધી હતી.

# ખબરે અનોખી...

## માતાના ગર્ભમાં જ બાળકની કરાઈ કરોડરજ્જુની સર્જરી

યુનાઈટેડ કિંગડમમાં એક મહિલાના ગર્ભમાં ઉછરી રહેલ ગર્ભસ્થ બાળકની સ્પાઈન સર્જરીને પૂરી કરી અને આ ઓપરેશન સફળ રહ્યુ છે. બાળક સ્પાઈન બીફીડાથી પીડીત હતુ. આ એક પ્રકારનું બર્થ ડિફેક્ટ છે. જેમાં બાળકના સ્પાઈનલ કોર્ડનું ડેવલપમેન્ટ થોભી જાય છે. ૨૬ વર્ષની બેથન સિંપસને ડૉક્ટર્સે ૨૦ સપ્તાહના સ્કેન બાદ આ બાળકની બિમારી અંગે માહિતી આપી હતી. જોકે હાલ સર્જરી બાદ માતા અને બાળક સ્વસ્થ છે.

## ૭ વર્ષના માસુમ બાળકને મારી નાખવા ધમપછાડા કરી રહ્યુ છે તાલીબાન

અફઘાનિસ્તાનના સાત વર્ષના મુર્તઝા અહેમદીની તસવીર તો ખુબજ પ્રચલિત થઈ ગઈ છે અને તમે કદાચ જોઈ પણ હશે. આ બાળક વાદળી રંગની પોલીથિનની ટિશર્ટ પહેરીને ફુટબોલ રમી રહ્યો હતો. આ ટીશર્ટ તેના પિતાએ પૈસાની અછતના કારણે તેનુ મન રાખવા તેને પહેરાવી હતી અને તેનો વિડીયો પણ વાયરલ થયો હતો. આ વિડીયો ફૂટબોલર લિયોન મેસીએ પણ જોયો હતો. બાદમાં યુએનની મદદથી પોતાના નામની એ ટી શર્ટ પણ ફુટબોલર અહેમદી સુધી મોકલી આપી હતી પરંતુ હવે તેને તાલીબાનના આતંકી સંગઠન તાલિબાનના નિશાના પર આ બાળક છે અને તે બાળકનુ લોહીનું પ્યાસુ થયુ છે.

## કપલે લગ્ન કર્યા પછીની માત્ર ૩ મિનિટમાં જ છૂટાછેડા લીધા

કોઈપણ માણસના લગ્ન થાય તે તેના જીવનની સૌથી મહત્વનો તબક્કો હોય છે. કુવૈતમાં હમણા એક લગ્ન માત્ર ૩ મિનિટ ટક્યા હોવાનો વિચિત્ર બનાવ બન્યો છે. જોકે આ એક કોર્ટ મેરેજ હતા જેમાં રજીસ્ટાર સમક્ષ ડોક્યુમેન્ટસ પર કપલે હસ્તાક્ષર કરવાના હતા. રજીસ્ટાર પાસે હસ્તાક્ષર માટે હાજર થયેલા કપલની ખુશીનો પાર ન હતો. હસ્તાક્ષર કરીને કોર્ટરૂમની બહાર આવ્યા કે તરત જ ત્રીજી મિનિટે લગ્ન તોડી નાખવાનો નિર્ણય કર્યો હતો અને લગ્ન અચાનક જ તોડી નાખ્યા હતા.

## વૃક્ષો વાવવામાં વિશ્વમાં સૌથી આગળ છે ભારત અને ચીન

નાશાના એક તાજેતરના અધ્યયનમાં સામાન્ય અવધારણાની વિપરીત એ વસ્તુ જોવા મળી છે કે ભારત અને ચીન વૃક્ષો વાવવા મામલે વિશ્વમાં સૌથી આગળ છે. આ અધ્યયનમાં કહેવામાં આવ્યુ છે કે દુનિયા ૨૦ વર્ષ પહેલાની તુલનામાં વધારે લીલીછમ બની છે. નાશાના ઉપગ્રહ પાસેથી મળેલા આંકડા અને વિશ્લેષણ પર આધારિત અધ્યયનમાં કહેવામાં આવ્યું છે કે ભારત અને ચીન વૃક્ષની વાવણી કરવામાં આગળ છે.

## હવે મંગળ ગ્રહ પર પ્રવાસ કરી શકાશે

અમેરીકી ઉદ્યોગપતિ અને અવકાશ વિજ્ઞાની ઈલોન મસ્કે મંગળ પ્રવાસની આર્થિક ગણતરી રજૂ કરી હતી. તેમણે ટ્વીટ કરીને કહ્યુ હતુ કે મંગળ ગ્રહના પ્રવાસનો એક દિવસનો ખર્ચ પાંચ લાખ અમેરીકી ડૉલર કે તેનાથી પણ ઓછો થઈ શકે છે. આજના ભાવે ગણતરી કરીએ તો પાંચ લાખ ડૉલર એટલે ૩.૫૩ કરોડ રૂપિયા જેવી રકમ થાય છે.

## લોટરીમાં કરોડો રૂપિયા જીત્યો રકમ લેવા ભૂત બનીને આવ્યો

જમૈકાના એક યુવાનને ૧.૧ મિલિયન ડૉલરની રકમ લોટરીના ઈનામમાં જીતી હતી. જે એક સ્વપ્ન જ હતુ. જોકે તેણે આ લોટરીની રકમ લેતા સમયે જે કર્યુ છે તેનાથી પણ વધુ આશ્ચર્યચકિત કરનારૂ હતુ કેમ કે ભૂતનો ડરાવતો માસ્ક પહેરીને આવતા હાજર સૌ કોઈ ચોંકી ગયા હતા. જોકે યુવાને પોતાની ઓળખ સંબંધીઓથી છુપાવવા માટે આવુ પગલુ ભર્યુ હોવાનું જણાવ્યુ હતુ.

# પરોસડા નજીકથી દારૂ અને બિયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૧૫

વિજયનગર તાલુકાના પરોસડા નજીકથી વિજયનગર પોલીસે બાતમીને આધારે પાસ પરમીટ વિના ગુરૂવારે રાત્રે કારમાં દારૂ અને બિયરનો જથ્થો ભરી ખેડબ્રહ્મા તરફ જઈ રહેલી એક કારને પોલીસે ઝડપી લઈ તેમાંથી રૂ. ૬૦ હજારનો જથ્થો કબજે લીધો હતો. અને ભાગી ગયેલા કારચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગુરૂવારે મોડી રાત્રે રાજસ્થાનથી વિજયનગર થઈ ખેડબ્રહ્મા તરફ આવી રહેલ એક કારમાં પાસ પરમીટ વિના દારૂ અને બિયરનો જથ્થો લવાઈ રહ્યો છે. જે આધારે વિજયનગર પોલીસે પરોસાડનજીક નાકાબંધી કરી હતી. દરમ્યાન અહીંથી પસાર થઈ રહેલ કાર નં. જીજે.૦૧. આરએફ. ૨૫૯ શંકાસ્પદ જણાતા પોલીસે તેને ઉભી રાખવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસને જોઈને કારનો ચાલક ભાગી ગયો હતો.

ત્યારબાદ પોલીસે કારમાં તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૧૦૮ તથા બિયરના ૧૬૮ ટીન મળી અંદાજે રૂ. ૬૦ હજારનો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે કાર સહીત રૂ. ૫.૬૦ લાખનો મુદ્દામાલ કબજે લઈ ભાગી ગયેલા કારચાલક વિરૂદ્ધ વિજયનગર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

# ઈલોલમાંથી બે બાઈક ચોરાતા ફરીયાદ

હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે એક હોસ્પિટલની સામે પાંચ માસ અગાઉ પાર્ક કરાયેલ રૂપીયા ૨૦ હજારની કિંમતના બાઈક નં. જીજે.૦૯.એસ.૯૦૫૯ની મુનપુર ગામના હરપાલસિંહ બળવંતસિંહ ઝાલા ચોરી કરી લી ગયા હતા. જે અંગે તપાસ કરતા આ બાઈક તેની પાસેથી મળી આવતા ઈલોલના અહેસાનઅલી હૈદરઅલી ખણુસીયાએ તેની વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

# પાલનપુરથી અમદાવાદ દર કલાકે, ડીસાથી અમદાવાદ, વાવથી વાપી અને નેનાવાથી વાપી એ.સી.વોલ્વો બસ શરૂ કરાઈ

પાલનપુર, તા. ૧૫

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મુસાફરો માટે એ.સી. અને વોલ્વો પ્રકારની બસો શરૂ કરવામાં આવી છે. નિગમ દ્વારા પ્રીમીયમ સર્વિસના સંચાલન માટે આયોજન કરાયેલ છે.

નિગમ દ્વારા પ્રીમીયમ સર્વિસમાં સ્લીપર કોચ કોચ તેમજ ૨૮૨ સીટર એ.સી., વોલ્વો પ્રકારની સેવાઓ સંચાલનમાં મુકાયેલ છે. જેમાં આરામદાયક મુસાફરી ઉપરાંત એન્ટરટેન્ટ માટે એલ.સી.ડી. તથા ઓનલાઈન ટીકીટ બુકિંગની સુવિધા જેમાં મુસાફર દ્વારા જાતે ઓનલાઈન ટીકીટ બુકિંગ કરવાથી તેઓને મુસાફર ભાડામાં ૬ ટકા ડિસ્કાઉન્ટ મળવાપાત્ર થશે. તેમજ મુસાફરોને રિટર્ન ટિકીટ માટે ૧૦ ટકા અને ગૃપ બુકિંગમાં ૪થી વધુ મુસાફરો હોય તેઓને ૫ ટકા જેટલુ ડિસ્કાઉન્ટની યોજના નિગમ દ્વારા મુસાફરોને લાભ માટે આયોજીત કરી છે. જે ધ્યાને લઈ સરકારશ્રી દ્વારા રાજયના તથા આંતરરાજયના જરૂરીયાતવાળા શહેરોને જોડતી પ્રીમીયમ બસ સેવા (એ.સી. તેમજ વોલ્વો) શરૂ કરવા નિર્ણય કરાયેલ છે. તેમજ નિગમ દ્વારા પાલનપુરથી અમદાવાદ દર કલાકે, ડીસાથી અમદાવાદ ૧૭.૦૦ કલાકે, વાવથી વાપી ૧૭.૦૦/૧૭.૦૦ કલાકે, નેનાવાથી વાપી ૧૮.૦૦/૧૯.૦૦ કલાકના સમયાંતરેથી પ્રીમીયમ બસોનું સંચાલન કરવામાં આવે છે. નિગમ દ્વારા તાજેતરમાં જ આંતરરાજ્ય સર્વિસો થકી મહારાષ્ટ્ર રાજયમાં પાલનપુરથી નાસિક ૧૯.૩૦/૧૮.૧૫ કલાકે રૂટ પર પ્રીમીયમ બસોથી સંચાલન હાથ ધરેલ છે.

નિગમ દ્વારા અમદાવાદથી વારાણસી ૨૦.૦૦/૧૨.૦૦ કલાકે ઉપડશે. જે પાલનપુરથી વારાણસી જવા માટે ૨૩.૦૦ કલાકે લાંબા અંતરના રૂટ શરૂ કરવામાં આવેલ છે. આ વારાણસી તથા રસ્તામાં આવતા મુખ્ય મથકો જેવા કે જયપુર, આગ્રા કાનપુર, પ્રયાગરાજ જવા માટે પણ મુસાફરોનો સારો પ્રતિસાદ મળી રહેલ છે. નિગમ દ્વારા અમદાવાદથી ગોવા લાંબા અંતરના રૂટ શરૂ કરવામાં આવેલ છે. આ સર્વિસમાં અમદાવાદથી નાસિક, પુના તથા કોલ્હાપુર જવા માટે પણ મુસાફરોનો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. આ સર્વિસ શરૂ થવાથી મુસાફરોમાં આનંદ વ્યાપો છે.